सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૪/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :–** **મોહમંદ સાહીલ ઉર્ફે ગાભણો મજીદભાઈ હબીબભાઈ મેમણ,**
રહે. ઘર નં. ૫૨, રાબીયા રો હાઉસ,
એમ.એ.આઈ. સ્કુલની બાજુમાં,
કઠોરગામ, સુરત શહેર.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી ક્યુ. એમ. શેખ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૬૧૨૫૦૭૧૪/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(બી), ૨૫, ૨૯ જેનો એન.ડી.પી.એસ. કેસ નં. ૧૬/૨૦૨૫ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી હાલ જયુડી.

કસ્ટડીમાં હોય ચાર્જશીટ બાદ બીજી વખત રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે રજુ **આંક–૦૩** ના લીસ્ટ મુજબ હાલનાં અરજદાર/આરોપીએ આ અગાઉ નીચે મુજબ સેસન્સ કોર્ટમાં તથા નામ. હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન અરજીઓ તથા વચગાળાની જામીન અરજીઓ કરેલ.

(૧) ક્રિ.પ.અ.નં. ૮૩૩/૨૦૨૫ થી સેસન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે તા. ૧૮/૧૧/૨૦૨૫ નાં રોજ અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ, જેનો હુકમ નિ.૩/૬ થી રજુ કરેલ છે.

(૨) ક્રિ.પ.અ.નં. ૨૫૩૨૩/૨૦૨૫ થી નામ. ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે તા. ૦૩/૧૨/૨૦૨૫ નાં રોજ વિડ્રો કરવામાં આવેલ, જેનો હુકમ નિ.૩/૭ થી રજુ કરેલ છે.

(૩) ક્રિ.પ.અ.નં. ૯૦૯/૨૦૨૫ થી સેસન્સ કોર્ટમાં વચગાળાનાં જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા તા. ૧૨/૧૨/૨૦૨૫ નાં રોજ નામંજુર કરવામાં આવે, જેનો હુકમ નિ.૩/૮ થી રજુ કરેલ છે.

(૪) ક્રિ.પ.અ.નં. ૨૭૨૭૯/૨૦૨૫ થી નામ. ગુજરાત હાઇકોર્ટમાં વચગાળાનાં જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, તે કામે નામ. હાઇકોર્ટ દ્વારા આરોપીનાં ત્રણ દિવસનાં વચગાળાનાં જામીન મંજુર કરવામાં આવેલ, જેનો હુકમ નિ.૩/૯ થી રજુ કરેલ છે.

(૫) ક્રિ.પ.અ.નં. ૧૮૨/૨૦૨૬ થી સેસન્સ કોર્ટમાં વચગાળાનાં જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે આરોપી દ્વારા તા. ૧૩/૦૩/૨૦૨૬ નાં રોજ વિડ્રો કરવામાં આવેલ, જેનો હુકમ નિ.૩/૧૧ થી રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું તથા આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૪) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૦૪/૦૯/૨૦૨૫ નાં રોજ અટક કરી તા. ૦૫/૦૯/૨૦૨૫ નાં રોજ રીમાન્ડની માંગણી કરેલ અને રીમાન્ડની કાર્યવાહી પૂર્ણ થતા તા. ૦૮/૦૯/૨૦૨૫ નાં રોજ જયુડી. કસ્ટડીમાં લેવાનો રીપોર્ટ કરેલ, ત્યારથી અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં છે. હાલનાં ગુનાનુ ચાર્જશીટ થઇ ગયેલ છે, જેનો એન.ડી.પી.એસ. કેસ નં. ૧૬/૨૦૨૫ પડેલ છે અને ચાર્જશીટ બાદ હાલની બીજી વખતની જામીન અરજી બદલાયેલા સંજોગોને લઇને દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, સદર ગુનામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ નથી, પોલીસે અન્ય સહ–આરોપીનાં કહેવાથી ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીને જેલમાં રાખી મુકવાથી કોઇ ફાયદો ત.ક.અધિકારીશ્રીને થતો નથી, જેથી આર્ટીકલ–૨૧ તેમજ સિધ્ધરામ મહિત્રે વિ. મહારાષ્ટ્રનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ મુળભુત સિધ્ધાંતોને ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂરીયાત રહેતી નથી, જેથી આરોપીને વધુ સમય કસ્ટડીમાં રાખવાથી પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે અને આરોપીની સ્વતંત્રતા અને બંધારણીય અધિકારીનો હનન થાય તેમ છે, આરોપી છેલ્લા ૬ મહિના અને ૧૩ દિવસથી જયુડી. કસ્ટડીમાં છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનાના કામે લગાવેલ કલમોની જોગવાઇ જોતા કોઇ આજીવન કેદ કે મૃત્યુદંડની જોગવાઇ નથી અને હાલનાં ગુનાનાં

અન્ય ચાર સહ–આરોપીઓએ નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા કેટલીક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે, જેથી રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઇ પેરીટીનો લાભ આપી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં કેસની ટ્રાયલ ચાલતા ઘણો સમય જાય તેમ છે જો આરોપીને કસ્ટડીમાં રાખવામાં આવે તો, પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ ભોગવવી પડે તેમ છે, જેથી કાયદાના મુળભુત સિધ્ધાંત Bail is a rule and jail is an exception ને ધ્યાને લઇ આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી અરજીમાં જણાવેલ સરનામે ચોકકસ સ્થાને કુટુંબ કબીલા સાથે રહે છે અને વેપાર ધંધો કરી પોતાના પરીવારનું ભરણપોષણ કરે છે અને આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટ જે શરતો જણાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, આરોપીને નામ. વડી અદાલતનાં વિવિધ સિધ્ધાંતો, જજમેન્ટો અને સતેન્દ્રકુમાર અંતીલ વિ. સી.બી.આઇ. ૨૦૨૨ લાઇવ લો (એસ.સી.) ૫૭૭ તથા સંજયચંદ્રા વિ. સી.બી.આઇ., ૨૦૧૨(૧) એસ.સી.સી. ૪૦ તથા ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૫૧૫ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી દલીલ છે કે, હાલનાં આરોપી સામે હાલનો ગુનો નોંધાયા બાદ બીજો ગુનો દાખલ થયેલ છે, જેને હાલનાં કેસ સાથે લાગતુ વળગતું નથી. વધુમાં નામ. હાઇકોર્ટ દ્વારા આરોપીને અગાઉ વચગાળાનાં જામીન ઉપર મુકત કરેલ, જે સમય પૂર્ણ થતા આરોપી સરન્ડર થઇ ગયેલ છે, જેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરેલ છે કે, હાલનાં ગુનાનાં

કામે આરોપીનો રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપી મોહમંદ સાહીલ ઉર્ફે ગાભણોનાએ સહ–આરોપી ઇમરાન સલીમ સૈયદનાઓ મારફતે સુરત ભાટેનાં દરગાહ પાસેથી કોઇ ઇમુ નામના વ્યકિત પાસેથી Methamfetamine ડ્રગ્સ મેળવી લાવી રેઇડ દરમ્યાન પકડાયેલ સહ–આરોપી શુભમ સંજય પરીહાર, જગદિશભાઇ શેલાભાઇ, વસીમ રાજા મહંમદ હનીફનાઓને તા. ૨૫/૦૮/૨૦૨૫ નાં રોજ સાંજના છએક વાગ્યે કામરેજ ટોલનાકા પહેલા હોટલ ફાઉન્ટનની પાછળ ધોરણ–પારડી ઘલા કરજણ રોડ ઉપર આવેલ એચ.પી. કંપનીનાં સારથી પેટ્રોલ પંપ ઉપર તેનાં મિત્ર સમીર પંચાલની હયુન્ડાઇ ઓરા ગાડી નં. જીજે–૨૭–ડી.એફ–૬૯૦૦ ની સાથે આવેલ, ત્યારે સહ–આરોપી શુભમ તેની ગાડીમાંથી ઉતરી હાલનાં આરોપી મોહંમદ સાહીલની ઓરા ગાડીમાં પાછળની સીટમાં બેસી ગયેલ, ત્યારે સહ–આરોપી શુભમે નશાકારક Methamfetamine ડ્રગ્સનો જથ્થો લેવા માટે રૂા. ૨૪,૦૦૦/– કાઢી હાલનાં આરોપી મોહંમદ સાહીલને આપતા તેની બાજુમાં બેસેલ તેનો મિત્ર સમીર પંચાલને પૈસા ગણવા આપેલ તે વખતે હાલનાં આરોપી મોહમંદ સાહીલે ચોરી છુપીથી સહ–આરોપી શુભમને દશ ગ્રામ નશાકારક Methamfetamine ડ્રગ્સનો જથ્થો આપેલ તે બાદ સમીર પંચાલે પૈસા ગણી જોતા બરાબર હોવાનું જણાવતા સહ–આરોપી ડ્રગ્સનો જથ્થો લઇ જતો રહેલ. આમ, હાલનાં અરજદાર/આરોપીએ તેનાં મિત્ર ઇમરાન સલીમ સૈયદનાઓ મારફતે ડ્રગ્સ મેળવી સપ્લાય કરેલાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી કામરેજ પહેલા એચ.પી. કંપનીનાં સારથી પેટ્રોલ પંપ ઉપર Methamfetamine ડ્રગ્સ આપવા આવેલ તે જગ્યાનાં સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરવામાં આવેલ છે, તેમાં આરોપીઓની હાજરી જણાય છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, કબજે કરવામાં આવેલ ડ્રગ્સ ડી.એસ.એસ. ગાંધીનગર ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવતા અહેવાલ પોઝીટીવ આવેલ છે તેમજ હાલનાં

અરજદાર/આરોપી સામે આ ગુના ઉપરાંત સુરત ઉતરાણ પો.સ્ટે.માં ગુ.ર.નં. ૧૧૨૧૦૦૬૫૨૫૦૮૪૪/૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(બી), ૨૯ મુજબનો ગુનો નોંધાયેલ છે, જેથી આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી તથા સહ-આરોપી ડ્રગ્સની લેવડ-દેવડ કરવા આવેલ તે વખતનાં આરોપીઓનાં લોકેશન પણ એચ.પી. કંપનીનાં સારથી પેટ્રોલ પંપ ઘલા રોડનાં આવે છે તેમજ હાલનાં અરજદાર/આરોપી મોહંમદ સાહીલ મેમણ આ ગુનાનો મુખ્ય સુત્રધાર છે તેને જામીન મુકત કરવામાં આવશે તો તેની આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃતિ ચાલુ રાખશે અને સાહેદોને ફોડી ગુનાને નુકસાન કરે તેવી શકયતા રહેલી છે, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ આ અગાઉ રેગ્યુલર જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ, ત્યારબાદ નામ. હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા જે વિડ્રો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને આ પ્રકારની પ્રવૃતિથી દેશનાં ચુવાધનને નશાના રવાડે ચઢાવી બરબાદીનાં રસ્તે લઈ જનારુ ગંભીર પ્રકારનું કૃત્ય હોય, જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) પક્ષકારો તરફેની રજુઆતો ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપીએ ચાર્જશીટ દાખલ થયા બાદ આ અગાઉ રેગ્યુલર જામીન અરજી ક્રિ.પ.અ.નં. ૮૩૩/૨૦૨૫ થી કરતા જે અત્રેની કોર્ટ દ્વારા વિગતવાર કારણો આપી નામંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીએ નામ. હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા જે વિડ્રો કરેલ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીની ચાર્જશીટ બાદની બીજી વખતની જામીન અરજી કરેલ હોય આ અગાઉ જામીન અરજી નામંજુર થયા બાદ કયાં પ્રકારનાં બદલાયેલા સંજોગો છે તે અંગેની કોઈ રજુઆત નથી કે જામીન અરજીમાં પણ

આ અંગે કોઇ હકીકત જણાવેલ નથી. આમ, આરોપીની જામીન અરજી મેરીટસ ઉપર નામંજુર થયા બાદ કોઇપણ પ્રકારનાં બદલાયેલા સંજોગો હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ નથી, તે સંજોગોમાં ક્રિ.પ.અ.નં. ૮૩૩/૨૦૨૫ ના કામે જામીન અરજી નામંજુર હુકમમાં અત્રેની કોર્ટ દ્વારા આરોપી સામેનો પ્રાઇમાફેસી કેસ, આરોપીનો રોલ, ગુનાની ગંભીરતા તથા આરોપી સામે અન્ય એન.ડી.પી.એસ. એકટ અન્વયેનો ગુનો સુરત ઉતરાણ પો.સ્ટે.માં નોંધાયેલ હોય તેવા કારણોસર જામીન અરજી નામંજુર કરેલ છે અને તે જામીન અરજીનાં પેરા-૫ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

> ***૫.*** *આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા ચાર્જશીટના પેપર્સ તથા પોલીસ એફીડેવીટ ધ્યાને લેવામાં આવે તો, પોલીસને બાતમી મળતાં પંચો, વજન કાંટા વાળા તથા ફોટોગ્રાફર સાથે બાતમીવાળી જગ્યાએ પહોંચતા બાતમી મુજબની -**volkswagen virtus** ફોર વ્હીલ ગાડી નં .જી.જે.૧૬-ડીજી-૬૬૬૮ મળી આવેલ અને પોલીસે સર્ચ કરતા એફ.આઇ.આર. મુજબના આરોપી નં.૧ શુભમ સંજય પરીહાર, નં.ર જગદીશ શેલાભાઈ ભરવાડ, નં.૩ મહો. હનીફ શેખનાઓ મળી આવેલ જે પૈકી સહ આરોપી જગદીશ ભરવાડ ડ્રાઈવીંગ સીટ ઉપર બેસેલ હતા તથા તેની બાજુની સીટ ઉપર આરોપી શુભમ સંજય પરીહાર બેસેલા અને પાછળની સીટ ઉપર વસીમરાજા મહો. હનીફ શેખ બેસેલા મળી આવેલ અને પોલીસે સદર ત્રણેય આરોપીની અંગજડતી કરતા આરોપી શુભમ સંજય પરીહારના પેન્ટના ખિસ્સામાંથી એક ભુરા કલરની પ્લાસ્ટીકની ઝબલા થેલી મળી આવેલ જેમાં સફેદ બ્રાઉન કલરનો પાઉડર ભરેલ પારદર્શક પ્લાસ્ટીકની જીપલોક વાળી ૬ થેલીઓ તથા ચાર ખાલી થેલીઓ તથા એક ડીજીટલ નાનો વજન કાંટો મળી આવેલ અને આરોપીને પુછતા આ થેલીઓમાં **Methamfetamine** હોવાનું જણાવેલ તેમજ સહ આરોપી નં.ર જગદીશ શેલાભાઈ ભરવાડ ની અંગ જડતી કરતા સેમસંગ કં પનીનો મોબાઇલ ફોન મળી આવેલ તથા આરોપી વસીમ રાજા મહો. હનીફ શેખની અંગ જડતી કરતા સેમસંગ કંપનીનો મોબાઇલ મળી આવેલ.*

*વધુમાં પોલીસે મળી આવેલ એમ.ડી. ડ્રગ્સનું વજન કરતા ૭ ગ્રામ ૯૪ મીલીગ્રામ કિં.રૂા.૭૯,૪૦૦/- નો મુદ્દામાલ ડ્રગ્સ મળી આવેલ છે અને પોલીસ એફીડેવીટ મુજબ સદર મુદ્દામાલ ડ્રગ્સ ઈન્ટરમીડીએટ કોન્ટીટીમાં છે.*

*વધુમા પોલીસ તપાસ મુજબ ઉપરોકત આરોપીઓએ હાલના અરજદાર/આરોપી મહોમંદ સાહીલ ઉર્ફે ગાભણો સાથે **Methamfetamine** ડ્ગ્સ ની ખરીદી કરવા માટે ટેલીફોનીક વાતચીત કરતા હાલના અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપી પાસેથી મુદામાલ ડ્ગ્સ મેળવી લાવી અન્ય સહ આરોપીઓને ગાડીમા પહોચાડેલ છે અને તે પેટે રૂા. ૨૪,૦૦૦/- આપેલા છે જે રકમ અરજદાર /આરોપીએ તેની સાથેના સાહેદ સમીર પંચાલને આપેલ છે આમ પોલીસ પેપર્સ જોતા હાલના અરજદાર/આરોપી મુદામાલ ડ્ગ્સ સપ્લાય કરનાર તરીકે નો ગુનામા રોલ છે. પોલીસે સાહેદ સમીરકુમાર દીનેશભાઈ પંચાલ નુ નીવેદન મેળવેલાનુ જણાય છે. વધુમા પોલીસ પેપર્સ જોતા પોલીસે આરોપીઓના મોબાઈલ નંબરના સીડીઆર મેળવેલા છે અને તેનુ એનાલીસીસ કરતા આરોપીઓના મોબાઈલ નંબરનુ લોકેશન ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ કામરેજ સુરત ખાતેનુ આવેલુ છે જેથી તમામ આરોપીઓએ એક જ સમયે એક જ સ્થળે ડ્ગ્સની ખરીદ વેચાણ કરવા સારૂ ભેગા થયેલા હોય તેવો પ્રથમ દર્ષનીય પુરાવો મેળવેલો છે. તે સંજોગોમા હાલના અરજદાર/આરોપી સામે પ્રથમ દર્ષનીય કેસ છે તે સંજોગોમા આરોપી સામેના ગુનાની ગંભીરતા તથા ગુનાના કામે રોલ તેમજ પ્રથમ દર્ષનીય પુરાવા જોતા રેગ્યુલર જામીન પર મુકત કરવા ન્યાયોચીત જણાતુ નથી.*

આમ, અગાઉની જામીન અરજીનાં પેરા-૫ માં અવલોકન કરવામાં આવેલ છે તે મુજબ આરોપીનો ગુનામાં સ્પષ્ટપણે રોલ છે અને આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ મેળવેલા હોય, આરોપી સામે પ્રથદર્શનીય કેસ છે, તે સંજોગોમાં હાલની જામીન અરજી બીજી વખતની હોય તે સિવાય કોઇ બદલાયેલા

સંજોગોની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી, ત્યારે આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં આરોપી તરફે તેવી દલીલ છે કે, આ ગુનાના અન્ય ત્રણ સહ–આરોપીઓને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને તે પૈકી આરોપી શુભમ પરીહારનાં કબજામાંથી મુદ્દામાલ ડ્રગ્સ મળી આવેલ તેને પણ જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે, જેથી હાલનાં આરોપીનો ગુનામાં સહ–આરોપીઓ કરતા ઓછો રોલ હોય પેરીટીનાં સિધ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફેની ઉપરોકત દલીલનાં સંદર્ભમાં જોવામાં આવે તો, અગાઉની ક્રિ.પ.અ.નં. ૮૩૩/૨૦૨૫ ની જામીન અરજીમાં આરોપી તરફે ઉપરોકત દલીલ કરવામાં આવેલ હતી, પરંતુ જે સહ–આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ તેઓની સામે એન.ડી.પી.એસ.નાં કોઇ ગુનાઓ નોંધાયેલ ન હતા, જયારે હાલનાં અરજદાર/આરોપી સામે સુરત મુકામે અન્ય એન.ડી.પી.એસ. એકટ મુજબનો ગુનો નોંધાયેલ હોય આરોપી તરફેની દલીલ સ્વીકારવામાં આવેલ ન હતી અને તે અંગેનું અવલોકન ક્રિ.પ.અ.નં. ૮૩૩/૨૦૨૫ ની જામીન અરજીમાં પેરા–૬ માં કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

> *__૬.__ આરોપીના વિ. વ. શ્રી તરફે એવી દલીલ છે કે આ ગુનાના અન્ય ત્રણ સહ આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ જામીન ઉપર મુકત કરેલ છે. આ ત્રણ આરોપીઓ પૈકી આરોપી શુભમ પરીહારના કબજામાંથી મુદામાલ ડ્ગ્સ મળી આવેલ છે. તેને પણ નામદાર હાઈકોર્ટ જામીન ઉપર મુકત કરેલ છે અને હાલના અરજદાર/આરોપીનો ગુનામા રોલ જોતા માત્ર સપ્લાયર તરીકેનો રોલ છે. જેથી જામીન પર મુકત થયેલ આરોપી કરતા હાલના અરજદાર/આરોપીનો ગુનામા ઓછો રોલ હોય બટુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ આરોપીને પેરેટીના સિધ્ધાંત ઉપર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. આરોપી તરફે નામદાર*

*હાઈકોર્ટ ના જામીન અરજીના હુકમની નકલ આંક ૭ ના લીસ્ટથી રજુ કરેલ છે.*

*આરોપી તરફેની ઉપરોકત દલીલોના સંદર્ભમા જોવામા આવે તો નામદાર હાઈકોર્ટ આ ગુનાના અન્ય ત્રણ સહ આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ હોય તેમ જણાય છે. વધુમા નામદાર હાઈકોર્ટ જે ત્રણ સહ આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ છે તે આરોપીઓ વિરૂધ્ધ અન્ય એન.ડી.પી.એસ.ના ગુનાઓ નોધાયેલા હોય તેવી કોઈ હકીકત જણાતી નથી. જયારે હાલના અરજદાર/આરોપી સામે હાલના એન.ડી.પી.એસ. એકટ ના ગુના સીવાય ઉતરાણ પો.સ્ટે. ગુના. રજી .નં.૧૧૨૧ ૦૦૬૫૨૫૦૮૪૪/૨૦૨૫ થી એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી),૨૨(બી),૨૯ મુજબ એન.ડી.પી.એસ.નો ગુનો નોધાયેલો છે. આમ હાલના અરજદાર/આરોપી સામે અન્ય આવા પ્રકારનો ગુનો નોધાયેલો હોય તે હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીને પેરેટીના સિધ્ધાતનો લાભ આપવો ન્યાયોચીત જણાતુ નથી. તે સંજોગોમા આરોપી તરફેની દલીલ સ્વીકારવા પાત્ર નથી.*

(૮) આમ, ઉપરોકત ચર્ચા તે મુજબ આરોપીની ચાર્જશીટ બાદની અગાઉની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીએ નામ. હાઇકોર્ટમાંથી જામીન અરજી વિડ્રો કરેલ છે અને ત્યારબાદ બીજી વખતની હાલની જામીન અરજી હોય અગાઉની જામીન અરજી નામંજુર થયા બાદ કોઇ બદલાયેલા સંજોગો હોય તેવી કોઇ હકીકત રજુ થયેલ નથી. વધુમાં આરોપી સામે પ્રથમદર્શનીય રીતે ગંભીર પ્રકારનાં ગુનાનો આક્ષેપ હોય તેમજ પોલીસે તપાસ દરમ્યાન પ્રથમદર્શનીય રીતે આરોપીને ગુના સાથે સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ મેળવેલ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આરોપી સામે અન્ય એન.ડી.પી.એસ.નો ગુનો નોંધાયેલો હોય આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારનાં ગુનાઓ કરે તેવી શકયતા રહેલી હોય આરોપીને પેરેટીનાં સિધ્ધાંતનો લાભ

મળવાપાત્ર નથી. વધુમાં આરોપીને આવા સમાજ ઉપર અસર કરતા ગુનામાં જામીન આપવામાં આવે તો, સમાજમાં આવા ગુનાને પ્રોત્સાહન મળે તેમ છે અને આજના યુવાધનને નશાના રવાડે ચડાવી સેવન કરવાની ટેવ પાડી શારીરિક અને આર્થીક રીતે નુકસાન પહોંચે તેમ છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબનો કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **મોહમંદ સાહીલ ઉર્ફે ગાભણો મજીદભાઇ હબીબભાઇ મેમણ,** રહે. ઘર નં. પર, રાબીયા રો હાઉસ, એમ.એ.આઇ. સ્કુલની બાજુમાં, કઠોરગામ, સુરત શહેરનાઓની ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૬૧૨૫૦૭૧૪/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(બી), ૨૫, ૨૯ જેનો પેન્ડીંગ એન.ડી.પી.એસ. કેસ નં. ૧૬/૨૦૨૫ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ००७४७)**